મકાન સામે મકાન આપો, પછી જ બુલડોઝર ફેરવો": સ્થાનિક રહીશોનો હલ્લાબોલ

# બિલ ગામના રહીશોનો પાલિકા સામે મોરચો

રોડના વિકાસ માટે અમારા પરિવારનો વિનાશ કેમ?" સ્થાનિકોનો સવાલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસના નામે બિલ ગામના મણિનગર વિસ્તારમાં રહેતા સેંકડો પરિવારોની ઊંઘ હરામ કરી દેવામાં આવી છે. 75 મીટરના સૂચિત રોડ રસ્તાના અમલીકરણ માટે પાલિકાએ અહીં 90 વર્ષથી પણ વધુ સમયથી રહેતા સ્થાનિકોને માત્ર 10 દિવસમાં મકાન ખાલી કરી દેવાની નોટિસ ફટકારી છે. વર્ષો જૂની પોતાની માલિકીની જમીન અને બાપદાદાના આશિયાના છીનવાઈ જવાની બીકે સમગ્ર વિસ્તારમાં ભારે રોષ અને ગમગીનીનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, બે દિવસ પહેલા જ્યારે મોટી સંખ્યામાં ગ્રામજનો પોતાની રજૂઆત કરવા માટે વડોદરા મહાનગરપાલિકાની કચેરીએ પહોંચ્યા હતા, ત્યારે તંત્રનો અત્યંત સંવેદનહીન ચહેરો સામે આવ્યો હતો. કમિશનરે ગ્રામજનોને મળવાનો સમય આપવાને બદલે પાલિકાના મુખ્ય ગેટ પર તાળા મારી દીધા હોવાનો ગંભીર આક્ષેપ રહીશોએ કર્યો છે. પોતાની વેદના સાંભળવા પણ કોઈ તૈયાર ન હોવાથી લોકોમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે. હાલમાં શાળાઓમાં પરીક્ષાનો સમય નજીક છે, ત્યારે અચાનક ઘર ખાલી કરવાની નોટિસ મળતા બાળકોના અભ્યાસ પર માઠી અસર પડી રહી છે. મણિનગરના એક યુવાનની હાલત તો એટલી હદે વણસી છે કે નોટિસ મળ્યા બાદ તે માનસિક આઘાતમાં સરી પડ્યો છે. તે પલંગમાંથી ઊભો પણ થઈ શકતો નથી અને ખાવા-પીવાનું પણ છોડી દીધું છે. આ યુવાન પરિવારનો એકમાત્ર કમાનાર સભ્ય છે અને તેનું એક સંતાન અંધ હોવાથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે.



### અમારું ભણતર ના બગાડો : સ્થાનિક વિદ્યાર્થી બાળકો

અમારી પરીક્ષાઓ નજીક છે, અમારે અત્યારે શાંતિથી વાંચવું જોઈએ એને બદલે ઘરમાં બધા રડે છે. સામાન બાંધવાની વાતો થાય છે. જો અમારું ઘર તૂટી જશે તો હું પરીક્ષા કેવી રીતે આપીશ? સાહેબ, અમારું ભણતર ના બગાડો અને અમારું ઘર ના તોડો."
(મીનાક્ષી, સ્થાનિક વિદ્યાર્થીની)

### બાપદાદાએ આ મકાનો પરસેવો પાડીને બનાવ્યા

અમે ત્રણ-ત્રણ પેઢીથી અહીં રહીએ છીએ. અમારા બાપદાદાએ આ મકાનો પરસેવો પાડીને બનાવ્યા છે. આજે અચાનક પાલિકા કહે છે કે 10 દિવસમાં ખાલી કરો. અમે ક્યાં જઈએ? અમારે કાંઈ મફતનું નથી જોઈતું, પણ જો તમે અમારું ઘર તોડો તો અમને રહેવા માટે બીજું ઘર આપો. નાના છોકરાઓને લઈને રસ્તા પર તો ન આવી જવાય ને? **પ્રેમીલાબેન (સ્થાનિક રહીશ)**

### રજૂઆત કરવા ગયા તો કમિશનરે ગેટ બંધ કરી દીધા

અમે રોજનું કમાઈને રોજ ખાનારા માણસો છીએ. પાલિકામાં રજૂઆત કરવા ગયા તો કમિશનરે ગેટ બંધ કરી દીધા. શું ગરીબોની વાત સાંભળવા માટે સરકાર પાસે સમય નથી? અમારા વિસ્તારનો એક યુવાન તો નોટિસના આઘાતમાં માનસિક સંતુલન ખોઈ બેઠો છે. જો આ વિસ્તારમાં કોઈ અઘટિત ઘટના બનશે તો તેની જવાબદારી કોની રહેશે? અમને ન્યાય જોઈએ છે.
શાંતિલાલ (સ્થાનિક રહીશ)

ભાયલીનો બિલ્ડર અકસ્માત કર્યા બાદ ફરાર થઇ ગયો હતો

# કારથી કચડી બાળકીનું મોત નિપજાવનાર બિલ્ડર જીત પટેલ જામીન પર મુક્ત

ધરપકડના ડરથી ભાગી ગયેલો બિલ્ડર એક દિવસ બાદ હાજર થયો




(પ્રતિનિધિ) વડોદરા, તા.20
ભાયલીમાં વિસ્તારમા પાંચ મહિનાની માસૂમ બાળકીને કચડી નાખી મોતને ઘાટ ઉતારનાર સોપાન-55ના બિલ્ડર જીત પટેલ ફરાર થઇ ગયો હતો. જેથી પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવીને બિલ્ડરની ઘનિષ્ટ શોધખોળ શરૂ કરી છે. દરમિયાન બિલ્ડર પોલીસ સ્ટેશનમાં હાજર થતા તેમને જામીન મુક્ત કરાયો છે. ભાયલી વિસ્તારમાં આવેલી સોપાન -55 નામની સાઇટ પર શ્રમિક પરિવાર કડિયાકામ કરી રહ્યું હતું. જ્યારે તેમની પાંચ માસની બાળકીને ગેટની પાસે સુવડાવી હતી. ત્યારે આ સોપાન-55 સાઇટના બિલ્ડર જીત પટેલ ઈનાવા કાર લઈને ગેટથી અંદર આવ્યાં હતા અને પાંચની માસની બાળકી પર કાર ચડાવી દીધી હતી. જેમાં માસુમ બાળકીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી બાળકીને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે લઇ જવામા આવી હતી. ત્યારે ફરજ પરના તબીઓએ તેમને મૃત જાહેર કરી હતુ. બાળકી પર કાર ચડાવી દીધા બાદ બિલ્ડર જીત પટેલ સ્થળ પરથી ફરાર થઇ ગયો હતો અને જાણે ભુગર્ભમાં ઉતરી ગયો હોય તેમ પોલીસની પકડમાં હજુ આવ્યો હતો. જેથી પોલીસે અલગ અલગ ટીમો બનાવીને ત્યાં લગાવેલા સીસીટીવી કેમેરા તથા ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સિસના આધારે તપાસ શરૂ કરી છે પરંતુ જાણે ભુગર્ભમાં ઉતરી ગયો હતો. દરમિયાન 20 ડિસેમ્બરના રોજ બિલ્ડર પોલીસ સ્ટેશનમાં હાજર થઇ જતા તેમને પોલીસ દવારા આ જામીનપાત્ર ગુનો હોય જામીન મુક્ત કરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

મકાનનુ તાળુ તોળતાં ભાભીએ દિયરનો વીડિયો બનાવ્યો હતો

# મકરપુરામાં દિયરે ભાભી ઉપર હથોડીથી જીવલેણ હુમલો કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
મકરપુરા વિસ્તારમાં મકાનુ તાળુ તોડતી વેળા મહિલાએ વીડિયો બનાવતા હોય તેની અદાવત રાખી ફોઈ સાસુના દીકરાએ ભાભી પર હથોડીથી હુમલો કર્યો હતો. જેથી ઈજાગ્રસ્ત થયેલા મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ છે.
મકરપુરા પોલીસે દિયર સહિતના લોકો સામે ગુનો નોંધ્યો છે. વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં દશામાતાના મંદિરના બાજુમાં આવેલી જશોદા કોલોનીમાં રહેતા વિમલેશ ધર્મેશકુમાર યાદવે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ ગત 19 ડિસેમ્બરના રોજ બપોરના સાડા ત્રણ વાગ્યા અરસામાં તેઓના ઘર બહાર બેઠા હતા. ત્યારે તેઓનો તથા તેમના સબંધી સુરેન્દ્ર યાદવ તેમના સસરા દયારામ યાદવની માલિકીના તેમના ઘરથી થોડે દૂર આવ્યાં હતા ત્યારે મકાન બાબતે વિખવાદ ચાલતો હોય જે મકાન બંને પક્ષની સંમતિથી હાલ તાળું મારવામાં આવ્યું હતુ તેમ છતાં આરોપીઓ હથોડી વડે ઘરનું તાળું તોડતા હતા. જેથી તેઓએ તાળુ તોડતાનો વિડીયો ઉતારતા હતા ત્યારે ઉશ્કેરાઈ ફરી તેને મન ફાવે તેમ બોલી બોલાચાલી ઝઘડો કરેલ તથા સુરેન્દ્ર યાદવે તેઓની પાસે રહેલ હથોડી મહિલાને માથાના ભાગે મારી દીધી હતી તથા રેણુ યાદવ અને વિવેક યાદવે પણ મહિલા સાથે ઝપાઝપી કરવા લાગ્યા હતા. જેથી મકરપાર પોલીસે ગુનો નોધી ત્રણ લોકો સામે કાર્યવાહી હાથ ધરી છે.


જાહેર માર્ગો રોકીને બેઠેલા લારી-ગલ્લાના રાફડા પર તંત્રનો પ્રહાર; 4 ટ્રક સામાન જપ્ત

# વડોદરાના પોશ વિસ્તારોમાંથી હંગામી દબાણોનો સફાયો, ત્રણ વોર્ડમાં મેગા ડ્રાઈવ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી જાહેર માર્ગો પર લારી-ગલ્લાના વધી રહેલા દબાણો સામે મ્યુનિસિપલ કોર્પોરેશનના દબાણ શાખા દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. શનિવારે શહેરના વોર્ડ નંબર 17, 8 અને 11ના વિવિધ વિસ્તારોમાં ત્રાટકેલી પાલિકાની ટીમે સપાટો બોલાવી ચાર ટ્રક જેટલો માલ સામાન જપ્ત કર્યો હતો અને રસ્તાઓ ખુલ્લા કરાવ્યા હતા.
શહેરના તમામ મુખ્ય અને આંતરિક રસ્તાઓ પર હાલમાં હંગામી દબાણોનો રાફડો ફાટ્યો છે. લારી-ગલ્લા અને પાથરણાવાળાઓ દ્વારા ફૂટપાથ અને અડધો રોડ રોકી લેવામાં આવતા રસ્તાઓ સાંકડા બની ગયા છે. જેના કારણે વાહનચાલકોને પસાર થવામાં ભારે હાલાકી ભોગવવી પડે છે અને વારંવાર નાના-મોટા અકસ્માતો સર્જાવાની ભીતિ સેવાતી હતી. આ ઉપરાંત, પગપાળા ચાલતા રાહદારીઓ માટે પણ આ દબાણો માથાના દુખાવા સમાન બન્યા હતા. સમગ્ર કાર્યવાહી દરમિયાન કોર્પોરેશનની ટીમે કુલ ચાર ટ્રક ભરાય તેટલો કાચો-પાકો સામાન, લારીઓ અને અન્ય ચીજવસ્તુઓ જપ્ત કરી હતી. પાલિકાની આ આક્રમક કામગીરીને પગલે ગેરકાયદે દબાણ કરનારા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. તંત્ર દ્વારા આગામી દિવસોમાં અન્ય વોર્ડમાં પણ આ પ્રકારે ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે તેવા સંકેતો આપવામાં આવ્યા છે.

### વોર્ડ નં. 17, 8 અને 11માં મોટી કાર્યવાહી

સ્થાનિક લોકોની ફરિયાદો અને ટ્રાફિકની સમસ્યાને ધ્યાને રાખીને શનિવારે દબાણ શાખાની ટીમે પોલીસ પ્રોટેક્શન સાથે ઝુંબેશ હાથ ધરી હતી. સુભાનપુરા અને ગોરવાઃ આ રહેણાંક અને કોમર્શિયલ વિસ્તારના મુખ્ય માર્ગો પરથી લારી-ગલ્લા હટાવવામાં આવ્યા હતા. જુના પાદરા રોડઃ વીઆઈપી રોડ ગણાતા આ વિસ્તારમાં પણ આડેધડ ઊભા રહેતા ફેરિયાઓ સામે કાર્યવાહી કરાઈ હતી. તરસાલીઃ વોર્ડ નં. 17માં આવતા તરસાલી વિસ્તારમાં પણ રોડ પરના દબાણો દૂર કરી માર્ગ મોકળો કરાયો હતો.



હસ્તકલા અને કલાત્મક કૃતિઓના સ્ટોલ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા

# એમએસયુના ફૂડ્સ એન્ડ ન્યુટ્રિશન વિભાગ દ્વારા ફૂડ કાર્નિવલ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
ફેકલ્ટી ઓફ ફેમિલી એન્ડ કોમ્યુનિટી સાયન્સિસના ડિપાર્ટમેન્ટ ઓફ ફૂડ્સ એન્ડ ન્યુટ્રિશન દ્વારા ફૂડ કાર્નિવલમાં મુખ્ય અતિથિ તરીકે ડો. વિજય શાહ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા વિવિધ પૌષ્ટિક અને નવીન ખોરાક સ્ટોલ્સની મુલાકાત લીધી હતી તથા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્નિવલ દરમિયાન ફૂડ અને લાઈફસ્ટાઈલ સ્ટોલ્સ સાથે સાથે વિવિધ રમતો, જીવંત સાંસ્કૃતિક કાર્યક્રમો, સંગીત રજૂઆતો અને મનોરંજક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ફેકલ્ટી દ્વારા છોટાઉદેપુર અને તેની આસપાસના ગામોના ગ્રામજનો દ્વારા તૈયાર કરાયેલ હસ્તકલા અને કલાત્મક કૃતિઓના સ્ટોલ્સ પણ



લગાવવવામાં આવ્યા હતા. આ સ્ટોલ્સને કારણે નાના ગ્રામ્યજનો માટે આવકનો સ્ત્રોત ઊભો થયો હતો અને તેમની કલાને શહેરના લોકો સુધી પહોંચવાનો મોકો મળ્યો હતો. ફ્રી એન્ટ્રી હોવાના કારણે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ નાગરિકોએ હાજરી આપી હતી. ફૂડ કાર્નિવલ દ્વારા વિદ્યાર્થીઓને વ્યવહારુ અનુભવ ટીમવર્ક તથા ઉદ્યમશીલતાનો અવસર મળ્યો હતો અને સાથે સાથે પૌષ્ટિક આહાર અંગે સમાજમાં જાગૃતિ ફેલાવવાનો હેતુ સફળતાપૂર્વક સિદ્ધ થયો હતો.

# પાંચ દિવસથી ગુમ થયેલા આધેડનો મૃતદેહ વાસણાના તળાવમાંથી મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
વડોદરા શહેરમાં પાંચ દિવસથી ગુમ થયેલા આધેડનો મૃતદેહ વાસણા વિસ્તારમાં આવેલા તળાવમાંથી મળતા વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ગોત્રી પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને લાશને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડી હતી.
આધેડે આપઘાત કર્યો છે કે પછી કોઈ ગુનાહિત ઘટનાને અંજામ આપી લાશ તળાવમાં ફેંકવામાં આવી છે તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.
પ્રાપ્ત માહિતી મુજબ, વાસણા વિસ્તારમાં રહેતા ભરતભાઈ પરમાર માનસિક રીતે બીમાર હતા અને તેઓ સેવ-ઉસળની એક દુકાનમાં નોકરી કરતા હતા. છેલ્લા પાંચ દિવસથી તેઓ નોકરી પર હાજર



ન થતા દુકાન માલિકને શંકા જતા તેમના ઘર સહિત આસપાસ તપાસ કરવામાં આવી હતી. તેમ છતાં કોઈ અત્તો-પત્તો ન લાગતા આખરે ગોત્રી પોલીસ સ્ટેશનમાં તેમની ગુમશુદગી અંગે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેના આધારે પોલીસે શોધખોળ શરૂ કરી હતી, પરંતુ કોઈ સફળતા મળી નહોતી.
આ દરમિયાન વાસણા ખાતે આવેલા તળાવમાં એક અજાણ્યા પુરુષનો મૃતદેહ તરતો દેખાતા સ્થાનિકોએ આ બાબતની જાણ દુકાનના માલિક તથા ગોત્રી પોલીસને કરી હતી. જાણ મળતા જ પોલીસ અને સંબંધિત લોકો તાત્કાલિક તળાવ પાસે પહોંચ્યા હતા. મૃતદેહને બહાર કાઢતા તેની ઓળખ ભરતભાઈ પરમાર તરીકે થઈ હતી. મૃતદેહ મળ્યાની ખબર ફેલાતાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો તળાવ પાસે એકત્ર થયા હતા. ઉપરાંત ગુમ થયેલા ભરતભાઈ પરમારના પરિવારજનો પણ સ્થળ પર દોડી આવ્યા હતા. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગોત્રી હોસ્પિટલમાં ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.
હાલમાં પોલીસ આ મામલે તપાસ કરી રહી છે કે ભરતભાઈએ તળાવમાં છલાંગ લગાવી આપઘાત કર્યો છે કે પછી તેમની હત્યા કરી લાશ તળાવમાં ફેંકી દેવામાં આવી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ ઘટનાની હકીકત સ્પષ્ટ થશે.

શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા લેવા તંત્ર સજજ

# ત્રણ ઝોનમાં 147 સેન્ટર ઉપર 30,475 જેટલા વિદ્યાર્થીઓ ટેટની પરીક્ષા આપશે

**કોઈપણ** ઉમેદવારે પોતાની સાથે ઇલેક્ટ્રોનિક આઈટમ ઘડિયાળ મોબાઇલ કે એવી કોઇ પણ વસ્તુ લાવે નહીં

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
વડોદરા જિલ્લામાં રવિવારે 21 ડિસેમ્બરે ટેટની પરીક્ષા યોજાશે. જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાના 147 કેન્દ્ર ઉપર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ટેટની પરીક્ષામાં કુલ 30,475 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ પરીક્ષા કેન્દ્રોમાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. ટેટની પરીક્ષા બપોરે 12 થી 2:00 વાગ્યા સુધી રાખવામાં આવી છે. આ પરીક્ષામાં પાસ થનાર પરીક્ષાર્થીઓ શિક્ષક બનવા માટે યોગ્યતા ધરાવશે. શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજવા માટે તંત્રએ પૂર્વ આયોજન કરી દીધું હતું, તથા તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે તેમ જિલ્લા શિક્ષણ અધિકારી મહેશ પાંડેએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રવિવારે ટેટની ધોરણ એક થી પાંચના શિક્ષકો લેવા માટેની પરીક્ષા છે. વડોદરા જિલ્લામાં ત્રણ ઝોનમાં 147 સેન્ટર ઉપર 30,475 જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષાનો સમય બાર થી બે છે અને દરેક વિદ્યાર્થીને અડધો કલાક પહેલા પ્રવેશ આપવામાં આવશે. કોઈપણ ઉમેદવારે પોતાની સાથે ઈલેક્ટ્રોનિક આઈટમ ઘડિયાળ મોબાઈલ કે એવી કોઈ પણ વસ્તુ લાવે નહીં, જાહેરનામું પ્રસિદ્ધ થઈ ગયું છે. શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા લેવાશે.

વિદ્યાર્થીઓને શૈક્ષણિક વ્યક્તિગત અને સામાજિક જીવનમાં આવતા પડકારોની ચર્ચા

# એમએસયુ દ્વારા માનસિક આરોગ્ય વેલનેસ ટોકનું આયોજન કરાયું

**નશા** મુક્ત સમાજ અને આત્મહત્યા વિરોધી અંગે મહત્વપૂર્ણ સામાજિક સંદેશ પાઠવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડામાં સ્ટુડન્ટ્સ ડેવલપમેન્ટ કચેરીના માર્ગદર્શન હેઠળ તથા નેશનલ ટાસ્ક ફોર્સ પહેલના સહયોગથી પ્રોફ. સી. સી. મહેતા ઓડિટોરિયમમાં માઈન્ડ સ્ટ્રોંગ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત માનસિક આરોગ્ય વેલનેસ ટોકનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.
માનસિક આરોગ્ય વેલનેસ ટોક કાર્યક્રમ વિદ્યાર્થીઓને ખાસ ધ્યાને રાખીને આયોજિત કરવામાં આવ્યો હતો.



જેમાં ભાવનાત્મક મજબૂતી, માનસિક આરોગ્ય, સકારાત્મક જીવન પસંદગીઓ અને સર્વાંગી વિકાસ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન નશા મુક્ત સમાજ અને આત્મહત્યા વિરોધી જેવા મહત્વપૂર્ણ સામાજિક સંદેશાઓ આપવામાં આવ્યા હતા તેમજ વિદ્યાર્થીઓને શૈક્ષણિક, વ્યક્તિગત અને સામાજિક જીવનમાં આવતા પડકારોની ચર્ચા કરવામાં આવી હતી. આ અવસરે યુનિવર્સિટીએ ગુજરાત સરકારના યુથ એમ્બેસેડર માઈન્ડ સ્ટ્રોંગ ગુજરાતના સ્થાપક, જાહેર વ્યક્તિત્વ અને મીડિયા પ્રોફેશનલ વિદિત શર્માનું સ્વાગત કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો અને યુવાનોના માનસિક આરોગ્ય વિષયક પોતાના અનુભવ વહેંચ્યા હતા. કાર્યક્રમને વિદ્યાર્થીઓ તરફથી ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો અને ઓડિટોરિયમ સંપૂર્ણપણે વિદ્યાર્થીઓથી ભરેલું રહ્યું હતું. જેના કારણે આ કાર્યક્રમ એક ભવ્ય સફળતા સાબિત થયો હતો. યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પ્રોફ. કે.એમ. ચૂડાસમાએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટી શૈક્ષણિક ઉત્તમતા સાથે-સાથે વિદ્યાર્થીઓના માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. માઈન્ડ સ્ટ્રોંગ ગુજરાત જેવા કાર્યક્રમો સ્વસ્થ અને સંવેદનશીલ કેમ્પસ સંસ્કૃતિ વિકસાવવામાં મહત્વપૂર્ણ છે.

યુવતીના પિતાએ આ શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી

# ગોત્રી વિસ્તારમાં બે યુવતીઓને પીછો કરી મારી નાખવાની ધમકી આપતો રોમિયો

**પોલીસે** યુવતીઓને હેરાન કરનાર શખ્સ વિરુદ્ધગુનો નોંધી તેને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
ગોત્રી વિસ્તારમાં આવેલા હોસ્પિટલમાંથી છુટીને ઘરે જઇ રહેલી બે યુવતીને રોડ રોમિયો પીછો કરી હેરાન કરતો હતો. ત્યારબાદ યુવકે યુવતીઓ જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતો હતો. જેથી યુવતાના પિતાએ આ રોડ રોમિયો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આણંદ જિલ્લાના એક ગામમાં રહેતા પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે હુ સીક્યુરીટી તરીકે નોકરી કરી મારૂ જીવન ગુજરાન ચલાવુ છું. ગત 19 ડિસેમ્બરના રોજ રાત્રીના દસ વાગ્યાથી 20 ડિસેમ્બરના રોજ સવારના છ વાગ્યા સુધી નોકરી પર હતો. તે દરમિયા મારી દિકરીનો કોલ આવ્યો હતો અને જણાવ્યું હતું કે મને અને મારી બહેનપણીને એક છોકરો પરેશાન કરે છે. જેથી બહેનપણીના કાકાના ઘરે ગોત્રી જતી રહી છુ. જેથી હું તેમને ત્યાં મળવા ગયો હતો જ્યા મારી દિકરીને ફ્રેન્ડે જણાવ્યું હતુ કે 19 ડિસેમ્બરે અમે નોકરી પરથી છુટી ચાલતી ઘરે જતી હતી. ત્યારે ભાવેશકુમાર ઉમાશંકર જાધવ નામનો છોકરો તેનો પીછો કરતો હતો. જેથી અમે પરત હોસ્પીટલ આવી ડૉક્ટર રીમા સોલંકીને કહ્યું હતું કે પાણીપુરીની લારી પાસે ઉભો છોકરો ભાવેશકુમાર ઉમાશંકર જાધવ મારો પીછો કરે છે. જેમ તેમ કરીને ઘરે જવા માટે નીકળ્યાં હતા ત્યારે ભાવેશ જાધવ તેમનો પીછો કરતો હોય કાકાના ઘરે જતા રહ્યાં હતા. ત્યારબાદ દીકરીએમને ભાવેશ જાધવ ક્યારેક-ક્યારેક અમારો આવી રીતે પીછો કરતો હોય છે અને હું ક્યારે પણ તમારી સામે આવી જઈશ અને તમને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપવા સાથે ગાળો પણ આપતો હતો. જેથી પોલીસે યુવતીઓને હેરાન કરનાર શખ્સ વિરુદ્ધગુનો નોંધી તેને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

માંજલપુર વિસ્તારની અમાનવીય ઘટના

# સિક્યોરિટી ગાર્ડે 9 વર્ષની બાળકી સાથે શારીરિક અડપલા કર્યાં

**બાળકીને** ગાર્ડે પ્રાઇવેટ પાર્ટ બતાવી બીભત્સ માંગણી કરતા તેણી ગભરાઇને ઘરે ભાગી ગઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
માંજલપુર વિસ્તારમાં આવેલી સોસાયટીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતાશખ્સે 9 વર્ષની બાળકીને અંધારામાં બોલાવી હતી. ત્યારબાદ તેની સાથે શારીરિક અપડલ કરવા લાગ્યો હતો અને પોતાનો પ્રાઈવેટ પાર્ટ બતાવી બાળકી સાથે બીભત્સ માગણી કરી હતી. જેથી સગીરા ગભરાઈ ગઈ હતી અને ઘરે જતી રહી હતી અને માતા પિતાને ગાર્ડની હરકત બાબતે વાત કરી હતી. ત્યારે પોલીસ સ્ટેશનમાં સગીરાના પરિવારે ફરિયાદ નોંધાવતા પોલીસે ગાર્ડની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથધરી છે. શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં ફરજ બજાવતા સિક્યોરિટી ગાર્ડે ૯ વર્ષની નાની બાળકીને અંધારામાં બોલાવી શારીરિક અડપલા કર્યા હોવાની ગંભીર ઘટના સામે આવી છે. આરોપીએ બાળકીના શરીર પર ગંદી રીતે સ્પર્શ કરવા લાગ્યો હતો અને પોતાના પ્રાઈવટે પાર્ટ બતાવીને બીભત્સ માંગણી પણ કરવા લાગ્યો હતો. ગભરાઇ ગયેલી બાળકીને ઘરે દોડી જતી રહી હતી. ત્યારબાદ તેના પરિવારના સભ્યોને આ ગાર્ડની હરકત બાબતે વાત કરી હતી. ત્યારે બાળકીના પરિવારજનોએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ગાર્ડ રમેશભાઈ મણીભાઈ વણકર (રહે. નવાવાસ, અકોટા ગામ પાછળ, વડોદરા) સામે ફરિયાદ નોધાવી હતી.

ગીતામંદિર ખાતે દેશભક્તિ ગીત હરિફાઈ યોજાઈ

# સ્વાતંત્ર સેનાની સ્વ.જશવંતલાલ સૌભાગ્યચંદ શાહની 22 મી પુણ્યતિથિ

વિભાગ 1 વિભાગ 2 મા કુલ 51 સ્પધર્કોએ ભાગ લીધો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
અખિલ ભા.સેવાદળ અને ગીતામંદિરનાસહ યોગથી કાર્યક્રમ ગીતામંદિર, પ્રતાપ નગર રોડ ખાતે યોજવામાં આવ્યો હતો. શરુઆતમાં આચાર્ય જાગૃતિબેન શાહે માહિતી આપતા જણાવ્યું કે સ્વાતંત્ર્ય સેનાની પૂર્વ ગુજરાત રાજય ઉધોગ મંત્રી રહી ચૂકેલા સ્વ.જશવંતલાલ સૌભાગ્યચંદ શાહની 22 મી પુણ્યતિથિની સ્મૃતિમાં દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિભાગ 1 વિભાગ 2 મા કુલ 51 સ્પધર્કોએ ભાગ લીધો હતો.



ગીતાબેન બાળકોને સારા બનવા ને સારા વિચારો જ જીવન સારુ બનાવે છે. આશીવર્ચન આપ્યા હતા.
અતિથિ વિશેષ સાહિત્યકાર દુગેશભાઇ ઉપાધ્યાય હાજર રહી બાળકોને યુવાનોએ દેશ માટે કામ કરવું જોઈએ. નિણાર્યક તરીકે બળદેવભાઇ બારોટ તથા પન્નાબેન પટેલે સેવાઓ આપી હતી. ઈનામ વિતરણ જશવંતલાલ શાહ ફાઉન્ડેશનના પ્રમુખ કૃષ્ણકાંત ભાઈ શાહે, મંત્રી આશિતભાઈ શાહ ટ્રસ્ટી ગીતાબેન શાહ હાજર રહી બાળકોને મોટાઓને પ્રોત્સાહિત કર્યા હતા. અમરીશભાઈ કોન્ટાકટરનુ સંકલિત સુવાકયનુ પુસ્તક પૂ. ગીતાબેન શર્માના હસ્તે વિમોચન કરવામા આવ્યુ હતુ. સૌને ભાગ લેનારને ભેટ સ્વરુપે આપવામાં આવ્યું હતું. પ્રો. ડો.રાજેશભાઈ કગરાણાએ બાળકોને ખૂબ આગળ વધુને નીડર બનવું તે વિષે પ્રેરણા આપી હતી.